સરદાર પટેલ આવાસ યોજના હેઠળ
આપવામાં આવતી મકાન બાંધકામ
સહાયની રકમમાં વધારો કરવા તથા આ યોજના
અમલીકરણમાં બિનસરકારી સંસ્થાઓને
સાંકળવા બાબત

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક :- મકન-૧૦૯૫-૧૩૨૬-લ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :-૦૪-૦૨-૨૦૦૦

વંચાણમાં લીધા :-

(૧) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૧-૫-૧૯૯૯નો ઠરાવ ક્રમાંકઃ-મકન-૧૦૯૫-૧૮૮૫-૧૩૨૬-(૯૭)લ

(૨) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૨૮-૯-૯૯નો ઠરાવ ક્રમાંકઃ-મકન-૧૦૯૫-૧૮૮૫-૧૩૨૬-(૯૭)લ

*ઠરાવઃ-*

ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ગરીબી રેખા હેઠળ જીવતા જમીન વિહોણા ખેત મજૂરો અને ગ્રામ્ય કારીગરોના કુટુંબોને ૧૦૦ ચોરસવારના ઘરથાળના મફત પ્લોટ આપવાની યોજના રાજ્યમાં અમલમાં છે. આવા પ્લોટો ઉપર મકાન બાંધકામ કરવા માટે મકાન બાંધકામ સહાય હાલની યોજના મુજબ સામાન્ય વિસ્તારમાં રૂ. ૧૭,૫૦૦ તથા આંતરમાળખાકીય સગવડો પેટે રુ ૨૫૦૦ એમ રુપિયા ૨૦,૦૦૦ અને પર્વતીય- દુર્ગમ વિસ્તારમાં મકાનદીઠ રુ ૧૯,૫૦૦ તથા આંતરમાળખાકીય સગવડો પેટે રુ ૨૫૦૦ એમ રુપિયા ૨૨,૦૦૦ ની મર્યાદામાં નકકી કરવામાં આવેલ છે. ગ્રામ્ય ગરીબોને સારી ગુણવત્તાવાળા, હવા ઉજાસવાળા અને પાયાની સગવડોવાળા મકાનો આપવાનો સરકારનો અભિગમ છે. પરંતુ હાલની મકાન સહાયને ધ્યાને લેતાં આ શકય બને તેમ નથી. વધુમાં,લાભાર્થીઓ મકાન બાંધકામની જાણકારી ધરાવતા ન હોવાથી તેમજ નાણાંકીય સાધનોના અભાવે આવા મકાનની બાંધકામની કામગીરીના ક્ષેત્રમાં કેટલીક ધંધાદારી વ્યકિતઓ પ્રવેશે છે અને પરિણામે આ યોજનામાં ગેરરીતિઓ થયાનું સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ છે. મકાનો, હવા- ઉજાસ અને સગવડની દૃષ્ટિએ સુધારો માંગી લે છે. ગરીબી રેખા હેઠળ જીવતા લાભાર્થીને રાજય સરકારની ન્યૂનતમ પાયાની સગવડો આપવાની નીતિને અનુલક્ષીને આવા લાભાર્થીઓના મકાનોની ગુણવત્તામાં ફેરફાર કરવો, ટાઈપ ડીઝાઈન નકકી કરવી અને સામાજિક ક્ષેત્રે કાર્યરત પ્રતિષ્ઠિત બિનસરકારી સંસ્થાઓને સાંકળવાંની બાબત તથા મકાનની સહાયમાં વધારો કરવાની બાબત કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રીએ નીચે મુજબ ઠરાવેલ છે:--

૧ હાલ મકાન સહાય પેટે રુ. ૨૦,૦૦૦ , રુ. ૨૨,૦૦૦ આપવામાં આવેછે તે સહાયની રકમમાં ફેરફાર કરીને એકસમાન ધોરણે રુ.૩૦,૦૦૦ ની સહાય આપવાનુ આથી ઠરાવવામાં આવે છે. રૂ. ૩૦,૦૦૦ ની સહાય અન્વયે નીચે પ્રમાણે આવાસો બાંધવાના રહેશે-

(૧) લાભાર્થીઓને પસંદગીના હેતુ માટે ત્રણથી પાંચ,ડીઝાઈનો આપવાની રહેશે.

(૨) મકાનો સપાટ ધાબાવાળા અથવા ઢળતાં ધાબાવાળા બનાવવાના રહેશે.

(૩) સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં અવારનવાર સમુદ્રી તોફાન વાવાઝોડા આવતા હોય છે. આ વિસ્તારોમાં વાવાઝોડા જેવી કુદરતી આફતો સામે રક્ષણ મળી રહે તેવા પાકા, ટકાઉ અને મજબુત મકાનો બાંધવા જોઇએ. આ વિસ્તારોમાં આર.સી.સી. ધાબાવાળા અથવા પ્રીકાસ્ટ સીમેન્ટ બીમના પીલરવાળા મકાનો બાંધવામાં આવે તેવો અભિગમ રાખી શકાશે. સૌરાષ્ટ્રમાં કેટલાંક વિસ્તારોમાં ઇંટોના બદલે પથ્થર-બેલાથી મકાનોની દિવાલોનુ ચણતર કરવામાં આવે છે, ત્યાં તે મુજબનુ બાંધકામ કરવાની છુટ આપી શકાશે.

(૪) આદિવાસી વિસ્તારોમાં લોકો પોતાના મકાનોની છત પાકી ધાબાવાળી રાખવાનો અભિગમ ધરાવતાં નથી. આદિવાસી વિસ્તારોમાં લોકો લાકડા અને વાંસની વળીઓનો ઉપયોગ કરી મકાનો બાંધવાનો અભિગમ ધરાવતા હોય છે. તેઓ મોટુ મકાન બનાવે છે. તેમજ પોતાના ઢોર-ઢાંખર તથા ખેતીના ઓજારો રાખવા માટે પોતાની પસંદગી મુજબના મકાનો બાંધતા હોય છે. એટલે તેમને તે પ્રમાણે છુટ આપી મકાનો બાંધી શકાશે.

(૫) જયારે દક્ષિણ અને પૂર્વ ગુજરાતના અન્ય વિસ્તારોમાં ઉપર જણાવ્યા મુજબ ધાબાવાળા મકાનો બાંધવાનો અભિગમ નથી ત્યાં જો કે આર.સી.સી.છતવાળા પાકા મકાનો બાંધવાને જ અગ્રતા આપવી તેમ છતાં જયાં શકય ન હોય ત્યાં મેંગ્લોર નળીયાવાળી છતવાળા મકાનો બાંધવાની છૂટછાટ આપી શકાશે.

(૬) તારીખ ૧-૨-૨૦૦૦થી સ્ટાન્ડર્ડ ડીઝાઇન મુજબના મકાનો બાંધવાના રહેશે.

(૭) મકાનોની ગુણવત્તા અને સ્પેસીફીકેશન સુનિશ્ચિત કરવાની જવાબદારી સંબંધિત અધિકારીઓની રહેશે.

૨. સરદાર પટેલ આવાસ યોજના હેઠળ નમુનારુપ મકાનમાં નીચે જણાવ્યા મુજબની સુવિધાઓ ઉપલબ્ધ કરવાની રહેશે :-

સરદાર પટેલ આવાસ યોજના હેઠળ બાંધવામાં આવનાર મકાનનું ૨૦ ચો.મી. કરતાં ઓછુ બાંધકામ હોવુ જોઇએ નહિ. આવાસની લંબાઇ ૫.૪૪ મીટર અને પહોળાઇ ૩.૫ મીટર રાખવી. જેમાં એક રુમ ૩.૫ મીટર X ૩.૭૫ મીટર તથા રસોડુ ૩. ૩૫ મીટર X ૧.૮૨ મીટર રાખવું.મકાનના આગળના ભાગે ખુલ્લો અથવા ઉપરની છતવાળો ઓટલો રાખવો. મકાનની દિવાલોની જાડાઇ ૦.૨૩ મીટરની રાખવી. રસોડા તથા રુમ વચ્ચે ૧ મીટરથી ૧.૫૨ મીટર ઉંચાઇની પાર્ટીશન દિવાલ લાભાર્થીની પસંદગી મુજબ રાખવી. જેથી ભવિષ્યમાં કોટાસ્ટોનનો ઉપયોગ કરી કબાટ તરીકે ઉપયોગમાં લઇ શકાય.

મકાનના પાછળના ભાગે ૧.૦ મીટર X ૧.૫૦ મીટરની ચોકડી રાખવી, જેની ફરતે પાર્ટીશન દિવાલ ૧.૫ મીટર ઉંચી રાખવી. મકાનના ફલોરીંગમાં આઇ.પી.એસ ફલોરીંગ રાખવું. બારી પ્રીકાસ્ટ સિમેન્ટ કોંક્રીટના બ્લોક ૩ ઇંચ જાડાઇના ૨.૫ X ૩.૫ ફૂટની સાઇઝની અથવા લોખંડના સળીયાવાળા શટર સાથે આગળ પાછળના ભાગમાં બે બારીઓ રાખવી. મકાનની આગળ અને પાછળના ભાગે ૦.૮૨ મીટર X ૨.૯૯મીટરની સાઇઝના ઉપરથી જાળી ખુલી શકે તેવાં બારણાં રાખવાં. મકાનની અંદર અને બહારની બાજુએ સિમેન્ટ રેતી કેલ ૧:૬ માં ૧૦ મીમી જાડાઇનું પ્લાસ્ટર રાખવું તથા તેના ઉપર વ્હાઇટવૉશ કળી ચૂનો કરવો. આવા મકાનો શકય હોય ત્યાં બબ્બેનાં જોડકાંમાં બનાવવાં.

૩. બિન સરકારી સંસ્થાઓને સાંકળવા બાબત :-

આ કામગીરી માટે તજજ્ઞો અને બિન સરકારી સંસ્થાઓના પ્રતિનિધિઓનો સહકાર મળી શકે તે માટે બિનસરકારી સંસ્થાઓને આ કામગીરીમાં સાંકળવાનું વાજબી જણાયું છે. આથી હવે તા.૦૧-૦૨-૨૦૦૦થી આ યોજના હેઠળ બાંધવાના થતા મકાનો માટે બિનસરકારી સંસ્થાઓને સાંકળીને મકાન બાંધવાનું સરકારશ્રી ઠરાવે ... [illegible] ...માંથી મેળવી શકાશે. રાજયમાં ઘણા

વખતથી રેલ, દુષ્કાળ અને અન્ય કુદરતી આપત્તિઓ વખતે રાહતનાં કામમાં પોતાનુ યોગદાન આપવા ઘણી સેવાભાવી સંસ્થાઓ આગળ આવતી હોય છે તેવી સારી કામગીરી કરતી સંસ્થાઓ અંગેની માહિતી જિલ્લા કક્ષાએ ઉપલબ્ધ હોય છે. ખાસ કરીને ગરીબો માટેના આવાસો બાંધવાની પ્રવૃત્તિમાં સંકળાયેલ હોય તેવી પ્રતિષ્ઠિત અને ઉત્તમ રેકોર્ડ ધરાવતી હોય અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ માન્ય કરી હોય તેવી બિનસરકારી સંસ્થાઓને બાંધકામની કામગીરી સોંપવાની રહેશે.

સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ પોતે જિલ્લામાં આવેલી આવી સંસ્થાઓની યાદી તૈયાર કરીને સંસ્થાઓ સાથે વિચાર વિમર્શ કરીને, ભારત સરકારની વોટરશેડ મેનેજમેન્ટ યોજના અથવા અન્ય વિકાસ યોજના હેઠળ કરવામાં આવેલ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગની શરતોને ધ્યાનમાં લઇ શરતો અને બોલીઓ નકકી કરી શકશે. આમ કરતી વખતે ખાસ કરીને સરકાર પક્ષે કઇ જાતની સગવડો પૂરી પાડવામાં આવનાર છે ( જેવી કે બાંધકામની સામગ્રી સંસ્થા ઉપલબ્ધ કરશે કે સરકાર મેળવી આપશે), તબકકાવાર સહાયના હપ્તા કેવી રીતે ચૂકવવામાં આવશે, સંસ્થા પાસેથી કઇ કઇ અપેક્ષાઓ રાખવામાં આવે છે અને ખાસ કરીને જે તે સ્થાનિક વિસ્તારોમાં પ્લોટોનો લેઆઉટ, મકાન અંગેની ડીઝાઇન, આંતરમાળખાકીય સુવિધાઓ, ટકાઉ અને ગુણવત્તાવાળા મકાનના સ્પેસીફીકેશન અને આ તમામ કામગીરી કરવાની સમય મર્યાદા સહિતની અન્ય આનુષાંગિક બાબતો જેમાં જિલ્લા પંચાયત - તાલુકા પંચાયતના કયા અધિકારી - કર્મચારીઓના સંપર્કમાં આ કામગીરી કરવાની રહેશે તે બાબતોને પણ આવરી લઇને નકકી કરવાની રહેશે.

બિન સરકારી સંસ્થાને કામ સોંપતી વખતે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગનો જે કરાર કરવામાં આવે તેની તમામ શરતોનું યોગ્ય રીતે પાલન થાય અને એજન્સી જવાબદારીપૂર્વક વર્તે તે માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ કાળજી લેવાની રહેશે. આ યોજના હેઠળ બાંધવામાં આવતા મકાનો સ્પેસીફીકેશન મુજબના બાંધવામાં આવ્યા છે તે મતલબનું પ્રમાણપત્ર જિલ્લા વિકાસ અધિકારીશ્રી નકકી કરે તે અધિકારીએ આપવાનું રહેશે.

અમુક તાલુકા કે વિસ્તારમાં બિનસરકારી સંસ્થા આ યોજના હેઠળ બાંધવામાં આવતા મકાનોના બાંધકામની કામગીરી લેવા તૈયારી ન બતાવે તો તેવા સંજોગોમાં આવા મકાનો પંચાયત એજન્સી અથવા ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડને આ યોજનાના મકાનો, મકાનની ગુણવત્તા અને સ્પેસીફીકેશન જળવાઇ રહે તેવી સ્પષ્ટ શરત સાથે બાંધવા માટે સોંપી શકાશે.કોઇપણ સંજોગોમાં ગુણવત્તા અને સ્પેસીફીકેશન જળવાઇ રહે તે સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સુનિશ્ચિત કરવાનું રહેશે. જે કિસ્સામાં બિનસરકારી સંસ્થાઓ નવી હોય તેવા કિસ્સામાં નોડલ એજન્સી નકકી કરવા માટે નીચે દર્શાવેલ અધિકારીઓની એક સમિતિની રચના કરવાનું ઠરાવવામાં આવેછે :-

(૧) અગ્ર સચિવશ્રી (પંચાયત).
(૨) અગ્ર સચિવશ્રી (ગ્રામ વિકાસ).
(૩) વિકાસ કમિશ્નરશ્રી.
(૪) ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી.
(૫) સચિવશ્રી (આ. બા. ) નાણાં વિભાગ.
(૬) નિયામકશ્રી, સ્વૈચ્છિક સંસ્થાઓ.

નવી તેમજ જેની કામગીરી જિલ્લા કક્ષાએ સ્વીકૃત કરવામાં આવેલ નથી તેવી બિન સરકારી સંસ્થાઓને આ કામ માટે સાંકળવાનું જિલ્લા વિકાસ અધિકારીશ્રીને યોગ્ય અને વાજબી લાગે તો તે અંગેની દરખાસ્ત ઉપર દર્શાવેલ અધિકારીઓની સમિતિ સમક્ષ રજૂ કરવાની રહેશે. આ સમિતિની મંજૂરી મેળવ્યા પછી જ તેવી બિન સરકારી સંસ્થાઓને કામગીરી સોંપી શકાશે.

બજેટ સદર :- આ અંગેનું ખર્ચ માંગણી ક્રમાંક:- ૯૮ મુખ્ય સદર -૨૨૧૬ આવાસન - પેટા સદર ૦૩ ગ્રામીણ આવાસન, ગૌણ સદર - ૧૦૨- આવાસન, પેટા સદર ઘરથાળની જમીન પર મકાન બાંધકામ સહાય સરદાર પટેલ આવાસ યોજના સદરે ઉધારવાનું રહેશે.

આ ઠરાવનો અમલ તા.૦૧-૨-૨૦૦૦ થી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૧૦-૧-૨૦૦૦ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી. એમ. ચૌહાણ)
સંયુકત સચિવ
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,
- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.સર્વ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,
- સચિવાલયના સર્વ વિભાગ
- અ.મુ.સ.શ્રી (ગ્રામ વિકાસ) પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ, રાજકોટ
- નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડળ હિસાબો,અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- વિભાગની સર્વે શાખાઓ
- પસંદગી ફાઈલ